# સાબરકાંઠા, અરવલ્લીમાં પરોઢે વાવાઝોડા સાથે વરસાદ ત્રાટક્યો





## બાજરી, ઘાસચારો, મગફળીના પાકને નુક્સાન : યાર્ડમાં મૂકેલો ખેડૂતો અને વેપારીનો માલ પણ ભીંજાયો, અસંખ્ય ઝાડ ધરાશાયી, કેટલાક વિજપોલ તૂટ્યા

**જિલ્લામાં નોંધાયેલો વરસાદ..**

| તાલુકો | વરસાદ (મિમીમાં) |
|---|---|
| પ્રાંતિજ | ૧૦ |
| તલોદ | ૦૭ |
| ધનસુરા | ૦૭ |
| ઈડર | ૦૬ |
| મોડાસા | ૦૪ |
| ભિલોડા | ૦૪ |
| માલપુર | ૦૪ |
| ખેડબ્રહ્મા | ૦૩ |
| હિંમતનગર | ૦૩ |
| વિજયનગર | ૦૧ |
| મેઘરજ | ૦૧ |
| બાયડ | ૦૧ |

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ સાબરકાંઠા, અરવલ્લીમાં ગુરૂવારે પરોઢે વીજળીના કડાકા, ભડાકા અને વાવાઝોડા સાથે અડધા ઈંચ જેટલો વરસાદ ત્રાટકતાં કેટલાક વિસ્તારોમાં બાજરી, ઘાસચારો, મગફળીના પાકને નુક્સાન થયું છે. ચોમાસુ ૨૦ જુન પછી શરૂ થવાનું છે તેવી આગાહીના કારણે ખેડૂતો અને વેપારીઓએ યાર્ડમાં માલ નાખ્યો હતો તે પણ અણધાર્યા વરસાદના કારણે ભીંજાતાં ખાસ કરીને ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. તાઉતે વાવાઝોડાની માઠી અસરમાંથી જિલ્લાની પ્રજા બહાર આવી નથી ત્યાં ફરી વાવાઝોડા સાથે વરસાદ ત્રાટકતાં અસંખ્ય ઝાડ ધરાશાયી થયા છે અને કેટલાક વિસ્તારોમાં વિજપોલ તૂટતાં વીજળી ગાયબ થઈ ગઈ હતી. જિલ્લાના પ્રાંતિજમાં ૧૦ મીમી, તલોદ-ધનસુરા-૭ મીમી, ઈડર-૬ મીમી, મોડાસા, ભિલોડા, માલપુરમાં ૪ મીમી વરસાદ નોંધાયો છે.

અસહ્ય બફારામાં પ્રજા એક સપ્તાહથી પીસાઈ રહી છે. રાત્રે ઠંડા પવનના કારણે ઉકળાટમાં રાહત થઈ પરંતુ જાણે ગુરૂવાર સવારથી ચોમાસુ બેઠું હોય તે રીતે પૂર્વ-દક્ષિણ વિસ્તારમાંથી કાળાં ડીબાંગ વાદળો ધસી આવ્યા અને ત્યાર પછી શરૂ થયા વીજળીના કડાકા-ભડાકા અને ત્યારબાદ વાવાઝોડા સાથે કેટલાક વિસ્તારોમાં ઝરમરીયો તો ક્યાંક સાંબેલાધારે વરસાદ વરસવા લાગ્યો હતો. બાયડમાં ડરામણા વીજળીના કડાકા સાથે વરસાદ વરસતાં કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. પ્રાંતિજ, તલોદ, ઈડર, ભિલોડા, ધનસુરા સહિતના વિસ્તારોમાં પણ વાવાઝોડા સાથે વરસાદ ત્રાટકતાં કેટલાક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. એકાએક વરસાદ વરસતાં ગરમીમાં બહાર સૂતા લોકો સફાળા જાગી ગયા હતા. વરસાદ વરસ્યા પછી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી પરંતુ બપોર બાદ અસહ્ય ઉકળાટથી વેપારીઓ અને પ્રજા ત્રાહીમામ પોકારતા જોવા મળ્યા. જિલ્લાના મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ અને પ્રાંતિજના ગ્રામ્ય વિસ્તારોમાં વાવાઝોડાના કારણે અસંખ્ય ઝાડ ધરાશાયી થયા છે. જ્યારે કેટલાક ઝાડ વિજપોલ ઉપર પડતાં થાંભલા તૂટી પડ્યા છે.

## ધો.૧૦-૧૨ માસ પ્રમોશન : ઉત્તર ગુજરાતની શાળાઓ અને કોલેજોમાં પ્રવેશમાં અંધાધૂંધીનો ભય

**તાબડતોબ વર્ગો વધારવા મુશ્કેલ, ધો.૧૦-૧૨માં ૧૦૦ ટકા વિદ્યાર્થી પાસનો ઈતિહાસ રચાયો, શાળાઓને ગ્રાન્ટમાં ફાયદો..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ રાજ્યના શૈક્ષણિક ઈતિહાસમાં બોર્ડ પરીક્ષા પાસ કર્યા વગર જ વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં મોકલવાનો પ્રથમવાર નિર્ણય લેવાયો છે. વિદ્યાર્થી-વાલીઓમાં તેના મિશ્ર પ્રત્યાઘાત બહાર આવ્યા છે. એકમ કસોટી લઈ શકાતી હોય તો બોર્ડ પરીક્ષા કેમ નહીં..?? તેવા સવાલ પણ સ્વાભાવિક છે. હવે માસ પ્રમોશન થઈ ગયું છે ત્યારે ઉત્તર ગુજરાતની શાળાઓમાં ધો.૧૧ માં તેમજ કોલેજોના પ્રથમ વર્ષમાં પ્રવેશમાં મોટાપાયે અંધાધૂંધીનો ભય હાવિ થયો છે. તાબડતોબ વર્ગો વધારવા મુશ્કેલ છે. એક તબક્કે શિક્ષણ વિભાગ નવા વર્ગોની મંજૂરી આપી દે તો પણ જે શાળાઓમાં વધારાના ઓરડા ઉપલબ્ધ નથી તે શાળાઓમાં પ્રવેશ કેવી રીતે આપવો..?? તેની મૂંઝવણ વધી છે. ધો.૧૦-૧૨ માં ૧૦૦ ટકા વિદ્યાર્થી પાસનો ઈતિહાસ રચાયો છે. બોર્ડના પરિણામના આધારે શાળાઓને ગ્રાન્ટ આપવામાં આવતી હતી જેથી માસ પ્રમોશનના કારણે તમામ શાળાઓને સંપૂર્ણ ગ્રાન્ટ મળશે..!!

પુરૂષાર્થ વગર ભલે ગમે તેટલું મળે પરંતુ તેનો યોગ્ય આનંદ થતો નથી. પુરૂષાર્થ કરીને મેળવીએ તેનો આનંદ અનોખો હોય છે. ગત માર્ચથી કોરોના હાવિ થઈ ગયો અને એક પછી એક પરીક્ષાઓ રદ થતી ગઈ. ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષામાં પણ રાજ્ય સરકાર અને શિક્ષણ

● અનુસંધાન પાના - ૭ પર




**સરડોઈ-ભાટકોટા પંથકમાં વાવાઝોડાથી નુક્સાન**

અરવલ્લીમાં ગત વહેલી પરોઢે વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદ ત્રાટકવાની સાથે સરડોઈ, ટીંટીસર અને ભાટકોટા પંથકમાં વાવાઝોડું ફુંકાતાં વૃક્ષો તેમજ વિજપોલ ધરાશાયી થઈ ગયા હતા. જ્યારે રામેશ્વરકંપા નજીક કંપનીના સોલાર પ્લાન્ટની પ્લેટો હવામાં ફંગોળાતાં અફડા તફડી મચી હતી. વાવાઝોડાના કારણે પંથકના ખેડૂતોના ખેતરમાં પાકને નુક્સાન થયાના અહેવાલ છે.

## સ્વપ્ન સાકાર : ડેમાઈમાં આજે આધુનિક બસ સ્ટેશનનું લોકાર્પણ, પ્રજા-મુસાફરોમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ બાયડ તાલુકાના ડેમાઈ ગામમાં પ્રજા અને મુસાફરોની માંગને સ્વીકારી રાજ્ય સરકાર દ્વારા આધુનિક બસ સ્ટેશન નિર્માણ માટે મંજૂરી મળી અને તૈયાર થઈ જતાં આજે શુક્રવારે જિલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ પાટકર, સાંસદ દિપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ




સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ થશે. દાયકાઓ જૂની ડેમાઈની પ્રજાની માંગ સંતોષાઈ રહી છે તે પૂર્વે પ્રજા-મુસાફરોમાં ખુશાલી જોવા મળી હતી.

રાજ્ય સરકાર દ્વારા આધુનિક બસ મથકો બનાવવાની સાથે મુસાફરો માટે સુવિધાયુક્ત નવી એસ.ટી. બસો અને વોલ્વોની પણ ભેટ અનેક બસ મથકોને આપવામાં આવી છે. જ્યારે અન્ય ટ્રાફીક પોઈન્ટ ઉપર પણ સુવિધાયુક્ત કંટ્રોલ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. ડેમાઈ ગ્રામ પંચાયત સરપંચ, બાયડ તાલુકા ભાજપ સંગઠન પૂર્વ મહામંત્રી મહેશ પટેલ, ઉપસરપંચ સમીર પટેલ દ્વારા ડેમાઈમાં અદ્યતન બસ સ્ટેશન ઉભું થાય તે માટે સરાહનીય પ્રયાસો હાથ ધર્યા. ખાત મુહર્ત થયું અને ત્યાર પછી આધુનિક બસ સ્ટેશન તૈયાર થતાં આજે લોકાર્પણ થવાનું છે. ડેમાઈમાં આધુનિક બસ સ્ટેશન તૈયાર કરીને લોકાર્પણ થઈ રહ્યું છે ત્યારે તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માનસિંહ સોઢાપરમાર, મહામંત્રી મયુર પટેલ, મણીલાલ પટેલ, સ્થાનિક અગ્રણી કિર્તીભાઈ પટેલ વગેરેએ રાજ્યના મુખ્ય મંત્રી, પ્રદેશ પ્રમુખ વગેરેનો આભાર માન્યો છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના : અરવલ્લીના હજારો લાભાર્થીઓ મુશ્કેલીમાં, કેટલાય લાભાર્થીઓને બીજો-ત્રીજો હપ્તો મળ્યો નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અરવલ્લીના હજારો લાભાર્થીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. કેટલાક લાભાર્થીઓને નવેમ્બર-ડિસેમ્બર પછી બીજો-ત્રીજો હપ્તા મળ્યો નથી અને ઉધાર લોખંડ, રેતી, ઈંટ, સીમેન્ટ લાવ્યા પછી મુશ્કેલીમાં મૂકાયા છે. નવા આવાસ મંજૂર કરાવવામાં પણ ધાંધિયા શરૂ થયા છે. એક રીતે કેટલાક કર્મચારીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી ઘોંચમાં પાડવામાં જ રસ હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ-૨૦૨૨ સુધીમાં ગરીબ પ્રજાનું પોતાના સ્વપ્નનું ઘર હોય તેવા ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મૂકાવી હતી. જિલ્લાના મોડાસા, ભિલોડા, ધનસુરા, બાયડ, માલપુર અને મેઘરજ તાલુકા તેમજ મોડાસા-બાયડ પાલિકા વિસ્તારમાં અનેક લાભાર્થીઓના આવાસ મંજૂર કરી કેટલાય લાભાર્થીઓના મકાન તૈયાર થઈ ગયા પરંતુ તેમાં મોટાપાયે ખોટું થયાનું બહાર આવ્યા પછી તપાસનો ધમધમાટ શરૂ થયો જેના કારણે જીઓ ટેગ મેળવતા અનેક કર્મચારીઓ સાણસામાં આવી ગયા છે અને તેની સીધી અસર લાભાર્થીઓ ઉપર થઈ છે અનેક લાભાર્થીઓએ નિયમાનુસાર બાંધકામ કર્યું હોવા છતાં તેમને આવાસ યોજનાનો બીજો, ત્રીજો તેમજ શહેરી વિસ્તારમાં પાંચમો-છઠ્ઠો હપ્તો મળ્યો નથી. આજે નહીં તો કાલે બેન્ક ખાતામાં આવાસ યોજનાનો હપ્તો જમા થશે તેની ચાતક નજરે રાહ જોઈને લાભાર્થીઓ થાક્યા છે. જેથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને પાલિકામાં આવાસ યોજનાના હપ્તા અને નવા

● અનુસંધાન પાના - ૭ પર

## ખુંખાર ગુનેગારોનું આવી બન્યું : અરવલ્લીમાં ગંભીર પ્રકારના ગુના શોધવા ૪ સ્નિફર-ટ્રેકર ડાૅગ તૈનાત

**સુલતાન અને ક્રિસ્પી ડાૅગ સંદિગ્ધ પદાર્થ, બાલી, ક્રૂજ ડાૅગ ચોરી-મર્ડરના ભેદ ઉકેલશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ અરવલ્લી જિલ્લામાં ગંભીર ગુનાને અંજામ આપ્યા પછી ગુનેગારોને શોધવા માટે અન્ય જિલ્લામાંથી ડાૅગ સ્કવોર્ડ બોલાવવામાં આવતી હતી પરંતુ હવે જિલ્લાને તબક્કાવાર સ્નિફર અને ટ્રેકરના ગુના ઉકેલવા માટે કુલ-૪ ડાૅગ જિલ્લા પોલીસની સેવામાં તૈનાત કરાયા છે. આવનારા દિવસોમાં ખુંખાર ગુનેગારોનું આવી બન્યું છે.




અમદાવાદ તાલીમ સેન્ટરમાં કસાયેલી તાલીમ મેળવીને ડાૅગને ગુનાના ભેદ ઉકેલવા માટે સંપૂર્ણ રીતે સજ્જ કર્યાનું તેની માવજત કરતા હેડકોન્સ્ટેબલ દ્વારા જણાવાયું છે.

બૃહદ સાબરકાંઠા જિલ્લામાં ગુનેગારો પોલીસ કરતાં તે વખતના પ્રખ્યાત પિન્ટુ ડાૅગથી થરથર કાંપતા હતા કારણ કે પિન્ટુ ડાૅગે જિલ્લામાં મર્ડર, ધાડ, લૂંટફાટ સહિતના અસંખ્ય ગુનાઓનો ભેદ ઉકેલીને પોલીસ માટે સહાયક સાબિત થયો હતો.

પિન્ટુ ડાૅગનું મોત થતાં પોલીસ બેડામાં શોક જોવા મળ્યો ત્યારબાદ નવરચિત અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. છેલ્લા ૫ વર્ષથી અરવલ્લીમાં ગંભીર પ્રકારના ગુના શોધવામાં પોલીસને અમદાવાદ, મહેસાણા, ગાંધીનગરથી ડાૅગ સ્કવોર્ડની મદદ મેળવવી પડતી હતી પરંતુ જિલ્લા પોલીસ વડાના યોગ્ય પ્રયાસ પછી અરવલ્લી જિલ્લાને ગત વર્ષના ઑગષ્ટ-મે. મહિનામાં ૨ અને ત્યારબાદ વર્તમાન વર્ષના માર્ચ અને મે. મહિનામાં વધુ ૨ ડાૅગની ફાળવણી થઈ છે. સુલતાન અને ક્રિસ્પી ડાૅગ તરીકે ઓળખાતા સ્નિફર ડાૅગ કોઈ સંદિગ્ધ પદાર્થ તેમજ બોમ્બ શોધવામાં અને વડાપ્રધાન સહિતના વી.આઈ.પી.ની મુલાકાત અગાઉ ચેકીંગ માટે તેમનો ઉપયોગ કરાશે. જ્યારે લૂંટ, મર્ડર, ચોરી સહિતના ગુના માટે ક્રૂજ અને બાલી ઉર્ફે નિતા ડાૅગનો ઉપયોગ કરવામાં આવશે તેવું સમર્થનવાળા સૂત્રોએ જણાવ્યું છે.

એક સાથે જિલ્લામાં ગંભીર ગુના શોધવા માટે ૪ ડાૅગ ઉપલબ્ધ કરાતાં પોલીસને પણ રાહત થઈ છે. જાણવા મળ્યા મુજબ હજુ સુધી એકપણ ગુનો ઉકેલવાનો શ્રેય ડાૅગને મળ્યો નથી..!! પણ તેનું કારણ જાણે કારણ કે ફરિયાદ કરવામાં વિલંબ થાય છે અને ગુનેગારોની સ્મેલ થોડા સમય પછી રહેતી નથી.

### તાલીમી ડાૅગ માટે પૌષ્ટીક આહાર..

બાયડ : પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં ગુનેગારોને શોધવા માટે સ્નિફર અને ટ્રેકર પ્રકારના ગુના શોધવા માટે કુલ ૪ ડાૅગ ફાળવવામાં આવ્યા છે અને તેમના માટે દરરોજ પૌષ્ટીક આહાર પીરસવામાં આવે છે. દરરોજ સવારે દૂધ, રોટલી અને ઈંડા અને રાત્રે ચીકન, ભાત અને શાકભાજી પીરસવામાં આવે છે.

## દાહોદ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી તરીકે રાજેશભાઈ પાઠક

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા દાહોદ જિલ્લા સંગઠન પ્રભારી તરીકે પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ)ની નિયુક્તિ કરાતાં જિલ્લા ભાજપના



કાર્યકરોમાં આનંદ છવાયો છે. સંગઠન ક્ષેત્રે આગવી કૂનેહ અને કાર્યકરોને સાથે રાખીને કામ કરવાની તેમની કાર્યશૈલીથી દાહોદ જિલ્લામાં ભાજપ સંગઠન વધુ મજબૂત બનશે.

## અણિયોરકંપા પાસે મલ્ચીંગ પેપર ફેક્ટરીમાં ભીષણ આગ, કરોડોના નુક્સાનનો અંદાજ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ માલપુર તાલુકાના અણિયોરકંપા પાસે આવેલી



મલ્ચીંગ પેપરનું ઉત્પાદન કરતી ફેક્ટરીમાં ગત રાત્રે શોર્ટસર્કીટથી ભીષણ આગ ફાટી નિકળતાં કરોડો રૂપિયાના નુક્સાનનો અંદાજ સેવાઈ રહ્યો છે. આગ લાગ્યા પછી ફાયર બ્રિગેડ વિલંબથી આવતાં ફેક્ટરીનો તમામ સરસામાન આગમાં ભસ્મિભૂત થઈ જતાં ફેક્ટરીના સંચાલકોને અગણિત નુક્સાન પહોંચ્યું છે. આગ લાગ્યાની જાણ પોલીસના ૧૦૦ નંબર ઉપર ફોન કરવા છતાં સમયસર ફાયર બ્રિગેડની મદદ મોકલવામાં ન આવતાં આગની જવાળાઓમાં મલ્ચીંગ પેપર તેમજ અન્ય સામાન ખાખ થઈ ગયો છે.

અરવલ્લી જિલ્લામાં આકસ્મિક આગ લાગવાની ઘટનાઓ કાયમી બની છે. ઔદ્યોગિક એકમોમાં મોટાભાગે શોર્ટ સર્કીટના કારણે આગ લાગતી હોવાનું હરહંમેશ કારણ બહાર આવતું હોય છે. તાલુકાના અણિયોરકંપા પાસે મલ્ચીંગ પેપર ફેક્ટરીમાં ઈલેક્ટ્રીક વાયરમાં શોર્ટ

● અનુસંધાન પાના - ૭ પર